# ફોજદારી કેસ નં. ૫૫૬/૨૦૧૯ ના કામે આરોપીઓની ડિસ્ચાર્જ અરજી (આંક– ૧૦) લગત હુકમ

---

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશનમાં ગુ. રજી. નં. ફર્સ્ટ ૧૯/૨૦૧૮ થી ગુનો નોંધાતાં તપાસના અંતે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૧૭, ૧૨૦(બી) તથા ૩૪ માં જણાવ્યા મુજબની શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. જે અન્વયે અત્રેની કોર્ટે ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના સબબ સમન્સ કાઢવા હુકમ કરેલ છે.

(૨) આરોપીઓ હાજર થતાં ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૦૭ અન્વયે તેઓને ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીઓ તરફે હાલની અરજી રજુ કરી તેમને હાલના ગુનાના કામેથી બિનતહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૩) અરજી તથા સાથે રજુ કરવામાં આવેલ સાધનિક કાગળો વંચાણે લીધા, ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લીધા, આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એસ. વી. દત્તાને તથા શ્રી સરકાર તરફે વિ. એ. પી. પી. શ્રી ની દલીલો સાંભળી.

(૪) આરોપીઓ તરફેની મુખ્ય રજુઆત એવી છે કે, આ કામે ફરીયાદની હકીકત જોતાં આરોપીઓ વિરૂધ્ધ કોઈ ગુનો બનતો નથી, આ કામના આરોપી ડો. અજય સાંઘાણીને તેઓ માત્ર ટ્રસ્ટી હોવાના કારણે આરોપી તરીકે જોડેલ છે પરંતુ તેમણે પોતે કોઈ વિશ્વાસ આપેલ નથી. સંસ્થાએ સાહેદો પાસેથી જે પૈસા મેળવેલા છે તેની પહોંચ આપવામાં આવેલ છે તેમજ માન્ય સર્ટીફીકેટ આપવામાં આવેલાં છે. ફરીયાદ પક્ષનો મુખ્ય આરોપ કે પોરબંદરની આરોગ્ય શાખાએ સર્ટીફીકેટ માન્ય નથી તેમ જણાવેલ છે, તેટલા માત્રથી આરોપીઓ કસુરવાર બની જતા નથી કારણ કે તે સંસ્થા આરોપીઓના ઉપરી સત્તાધિકારી નથી. વધુમાં જણાવેલ છે કે તમામ સાહેદોનાં વિશેષ નીવેદનો આશરે ૫૦ દિવસ બાદ લેવામાં આવેલ છે. સાહેદોને આપવામાં આવેલ સર્ટીફીકેટ ખોટાં નથી, પરંતુ નોકરીમાં માન્ય છે તેવો ખોટો વિશ્વાસ આપેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે અને ખોટી પાવતી બનાવેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ, ખોટી પહોંચ બનાવેલ હોવાનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં જણાવ્યા મુજબ

આરોપીઓને વધારે ફી લઈને ઓછી રકમની પહોંચ આપી હોય તેવો પણ ફરીયાદપક્ષનો કેસ નથી. વધુમાં જણાવેલ છે કે વિદ્યાર્થીઓને સને ૨૦૦૧૪–૧૫ માં સ્કોલરશીપ મળેલ છે અને ત્યારબાદ મળેલ નથી જે મળે તે માટે તેમની સંસ્થાએ જરૂરી પત્રવ્યવહાર પણ કરેલ છે. આરોપી નં. ૫ વિરેન્દ્રભાઈ કોઈ પણ રીતે સંસ્થા સાથે જોડાયેલા નથી. આ તમામ સંજોગો ધ્યાને લઈ આોપીઓને ડિસ્ચાર્જ કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓએ પોતાની દલીલોના સમર્થનમાં નામ. કેરાલા હાઈકોર્ટનો **કુરીયાચન ચાકો વિ. સ્ટેટ ઓફ કેરાલા** ના કેસનો ચુકાદો કે જે **૨૦૦૭ ક્રિ. લો. જ. ૪૪૫૮** પર પ્રસિધ્ધ થયેલ છે તેનો ઉલ્લેખ કરી તેના પર આધાર રાખતા હોવાનું જણાવેલ છે તેમજ આરોપીઓ તરફે હાલની અરજી સાથે આંક – ૧૧ મુજબના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરવામાં આવેલ સાધનિક કાગળો વંચાણે લઈ આરોપીઓને ડિસ્ચાર્જ કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ. એ. પી. પી. શ્રીએ હાલની અરજી સામે વાંધો લેતાં રજુઆત કરેલ છે કે, આરોપીઓની અરજી ટકવાપાત્ર નથી.આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ઘડતી વખતે નામ. કોર્ટે ફરીયાદ પક્ષ સફળ થશે કે કેમ? તેવા પુરાવાના આખરી નિર્ણય પર પહોંચવાનું હોતું નથી પરંતુ આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલચવવા યોગ્ય પ્રથમ દર્શનીય કેસ છે કે નહી તેટલી જ હકીકત ધ્યાને લેવાની હોય છે. આ કામે રજુ થયેલ ચાર્જશીટ મુજબના તપાસના કાગળો ધ્યાને લેતાં આરોપીઓ વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે અને આરોપી તરફે નામ. કેરાલા હાઈકોર્ટના જે ચુકાદાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ચુકાદો પણ આરોપી તરફેની દલીલોને નહી પરંતુ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે છે. આરોપીઓએ હાલની અરજી માત્ર ઈન્સાફી કાર્યવાહી વિલંબમાં નાખવાના બદઈરાદાથી કરેલ હોવાનું જણાય છે. આ સંજોગોમાં આરોપીઓની હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) ચાર્જશીટની હકીકતો તથા સંલગ્ન તપાસના કાગળો તેમજ બંને પક્ષે કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે આ કામના આરોપીઓ "પાયોનીયર પેરામેડીકલ ઈન્સ્ટીટયુટ" ના નામથી સંસ્થા ચલાવતા હતા અને તેઓએ આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદોને પેરા મેડીકલ કોર્ષ માં વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપી તેમની પાસેથી ફી મેળવેલ છે અને તેમની પરીક્ષા લઈ તેઓને "પેરા મેડીકલ

કાઉન્સીલ ઓફ ગુજરાત" નામની સંસ્થાના માધ્યમથી માર્કશીટ તથા સર્ટીફીકેટ આપેલ છે. જે હકીકત આરોપીઓ દ્વારા પણ સ્વીકારવામાં આવેલ છે.

(૬) આરોપીઓના કથન મુજબ તેમની વિરૂધ્ધમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટા છે અને તેઓએ આપેલ પહોંચો અને સર્ટીફીકેટ સાચાં છે, તેમાં આરોપીઓએ કોઈ ખોટી સહિઓ કરીને ખોટી પહોંચ કે ખોટાં પ્રમાણપત્રો બનાવેલ નથી. તેમજ તેમણે ફરીયાદી કે સાહેદોને નોકરીનાં કોઈ વચન આપેલ નથી તથા તેમના દ્વારા આપવામાં આવેલ સર્ટીફીકેટ સરકારી નોકરી માટે માન્ય હોવાનો વિશ્વાસ પણ આરોપીઓએ આપેલ નથી અને તેથી તેમની સામે હાલનો કેસ ચાલવાપાત્ર બનતો ન હોઈ તેઓને બિનતહોમત છોડી મુકવા જોઈએ તેવી તેમની રજુઆત છે. પરંતુ ચાર્જશીટના કાગળોમાંથી જણાય છે તે મુજબ "પેરા મેડીકલ કાઉન્સીલ ઓફ ગુજરાત" સંસ્થાએ કોઈ પહોંચ આપેલ નથી અને તે પહોંચો આરોપીઓની સંસ્થાએ પોતે આપેલ છે આ સંજોગોમાં પહોંચ ખરી છે કે ખોટી છે તે ફરીયાદપક્ષના પુરાવાથી પુરવાર થઈ શકે માત્ર આરોપીઓના કથન આધારે તેની સત્યતા નકકી થઈ શકે નહી. આરોપી તરફે ઉલ્લેખાયેલ નામ. કેરાલા હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો માનસહ વંચાણે લીધેલ છે. જે ચુકાદામાં નામ. કેરાલા હાઈકોર્ટે તહોમતનામું ફરમાવતી વખતે ટ્રાયલ કોર્ટે કઈ બાબતો ધ્યાને લેવાની છે તેની વિગતવાર છણાવટ કરેલ છે અને ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૩૯ કયા સંજોગોમાં લાગુ પાડી શકાય તે બાબતની ચર્ચા કરેલ છે. સદર જોગવાઈ મુજબ જયારે કોર્ટને સંતોષ થાય કે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટમાં કરવામાં આવેલ આક્ષેપો તદ્દન પાયાવિહોણા છે અને તેમની વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે યોગ્ય કેસ નથી ત્યારે કોર્ટ આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૩૯ મુજબ બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરી શકે અને આ નિર્ણય કરતી વખતે કોર્ટે ફરીયાદપક્ષ સફળ થશે કે કેમ તે બાબતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોતું નથી. નામ. કેરાલા હાઈકોર્ટેના ઉપરોકત ચુકાદામાં પણ આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ઘડવાના ટ્રાયલ કોર્ટના નિર્ણયને ખોટો ગણાવવામાં આવેલ નથી.

(૭) હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીઓએ સંસ્થા ચાલુ કરી ફરીયાદી તથા સાહેદો પાસેથી ફી મેળવી તેમની પરીક્ષા લઈ તેમને માર્કશીટ તથા પ્રમાણપત્રો આપેલ હોવાની હકીકત સ્વીકારવામાં આવેલ છે ત્યારે ફરીયાદપક્ષે કરવામાં આવેલ આક્ષેપો માત્ર આરોપીના કથન આધારે નકારી શકાય નહી તેવું આ અદાલત માને છે અને આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને કોઈ વચન આપેલ છે કે કેમ તે પણ

પુરાવાથી ન નકકી થઈ કે તેમ છે. વધુમાં સ્કોલરશીપ બાબતનો આક્ષેપ ધ્યાને લઈએ તો આરોપીઓના કથન મુજબ તેમણે સ્કોલરશીપ મળે તે માટે પત્રવ્યવહાર કરેલ હોવાનું જણાવેલ છે અને તેમણે રજુ કરેલ સાધનિક કાગળો જોતાં તેમણે અલગ અલગ સત્તાધિકારીઓને પત્ર લખેલ હોવાનુ જણાય છે જો કે આ રજુ થયેલ પત્રો જે તે કચેરીઓને પહોંચેલ હોવા બાબતનો કે તેમના દ્વારા કોઈ પ્રત્યુત્તર આપવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવવામાં હાલના તબકકે આરોપીઓ નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં આરોપીઓ સામે ચાર્જશીટમાં કરવામાં આવેલ આક્ષેપો આધાર વિનાના હોવાની દલીલ સાથે આ અદાલત સંમત નથી અને તેથી આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સંતોષકારક પુરાવો જણાતો હોઈ આરોપીની અરજી ટકવાપાત્ર નથી તેમ માની ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આરોપીઓની હાલની અરજી આથી નામંજુર યાને કે રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩જી માહે– મે, સને ૨૦૨૧ ના રોજ આરોપીઓના વિ. વ. શ્રી તથા વિ. એ. પી. પી. ને વિડીયો કોન્ફરન્સ થી વાંચી, સંભળાવી જાહેર કર્યો

તા.૦૩/૦૫/૨૦૨૧
મુ. માંગરોળ

(એચ. એ. પંડયા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંગરોળ